# દેશના સૌ પ્રથમ ફોસીલપાર્ક-ડાયનોસોર મ્યુઝિયમનો આજે શુભારંભ

## બાલાસિનોરના રૈયોલી ખાતે નિર્મિત મ્યુઝિયમનું મુખ્યમંત્રી વિજય રૂપાણી ઉદ્‌ઘાટન કરશે

ગાંધીનગર, તા. ૭

રાજ્યના મુખ્યમંત્રી વિજય રૂપાણી આગામી ૮મી જૂને મહીસાગર જિલ્લાના બાલાસિનોર ખાતે આકાર લઈ રહેલા ડાયનોસોર મ્યુઝિયમનું ઉદ્‌ઘાટન કરશે. આ ડાયનોસોર મ્યુઝિયમનો પ્રારંભ થતાં ગુજરાતનો આ પાર્ક દુનિયાના ત્રીજા સૌથી મોટા વિશિષ્ઠ ડાયનોસોર ફોસીલ પાર્ક ધરાવતું ગૌરવ પ્રાપ્ત કરશે. આ ફોસીલ પાર્ક દેશનો પ્રથમ પાર્ક પણ બનશે. આ દ્વારા પ્રવાસીઓને ડાયનોસોરનો ઈતિહાસ, એમની જીવન પધ્ધતિ અને આવા વિશાળકાય પ્રાણીઓનો કેવી રીતે નાશ થયો એની અધ્યતન અને વૈજ્ઞાનિક માહિતી મોડેલ્સ, ફિલ્મ્સ અને ચાર્ટ દ્વારા જોવા મળશે.

આ ઉદ્‌ઘાટન પ્રસંગે અતિથી વિશેષપદે રાજ્યના પ્રવાસન મંત્રી જવાહર ચાવડા, આદિજાતિ અને વનમંત્રી ગણપતસિંહ વસાવા, પ્રવાસન રાજ્યમંત્રી વાસણભાઈ આહીર અને કૃષિ, પંચાયત અને પર્યાવરણ સ્વતંત્ર હવાલો રાજ્યમંત્રી જયદ્રથસિંહ પરમાર ઉપસ્થિત રહેશે. જ્યારે પંચમહાલના સાંસદ રતનસિંહ રાઠોડ, મહિલા આયોગના અધ્યક્ષ શ્રીમતી લીલાબેન આંકોલીયા, અન્ન અને નાગરિક પૂરવઠા નિગમના અધ્યક્ષ રાજેશ પાઠક તથા મહીસાગર જિલ્લા પ્રમુખ શ્રીમતી મંજુલાબેન ખાંટ ઉપસ્થિત રહેશે. સાથે સ્થાનિક જિલ્લાના ધારાસભ્યો અને પ્રવાસન વિભાગના અગ્ર સચિવ એસ. જે. હૈદર, પ્રવાસન કમિશ્નર અને પ્રવાસન નિગમના મેનેજીંગ ડીરેક્ટર જેનુ દેવન, જિલ્લા કલેક્ટર આર.બી. બારડ વગેરે ઉપસ્થિત રહેશે.

બાલાસિનોરની નજીક રૈયોલી ગામે આશરે બાવન હેક્ટર વિસ્તારમાં ૬૫ મીલિયન વર્ષના ગુજરાતનાં ડાયનોસોરના ઈતિહાસની ગાથા કહેતું માહિતીસભર મ્યુઝિયમ અને પાર્ક ગુજરાત પ્રવાસન નિગમ દ્વારા વિકસાવવામાં આવ્યો છે. આ પાર્ક ગુજરાતને સમગ્ર વિશ્વમાં પ્રવાસનના નકશામાં અગ્રેસર મૂકવામાં મદદરૂપ બની રહેશે. આ ફોસીલ પાર્ક વિશ્વનો ત્રીજા નંબરનો સૌથી મોટો હશે અને ભારતનો સર્વ પ્રથમ હશે. આ રૈયોલી ગામ વિશ્વના અનેક પેલિયોન્ટોલોજિસ્ટ માટે વર્ષોથી આકર્ષણનું કેન્દ્ર બની રહ્યું છે.

ડાયનોસોરના અતિપ્રાચીન ઈતિહાસ અને રૈયોલી ગામના મહત્વને લઈને પ્રવાસીઓ તથા અભ્યાસુઓને જરૂરી સુવિધાઓ મળી રહે એ હેતુથી ગુજરાત પ્રવાસન નિગમ દ્વારા રૈયોલી ખાતે ઈન્ફોર્મેટીક સેન્ટર - સંગ્રહાલય અને ફોસીલ પાર્કનું આયોજન કરવામાં આવ્યુ છે, આ પાર્ક અને સંગ્રહાલયમાં વિવિધ છ જેટલી માહિતી આપતી ગેલેરીઓ ઊભી કરાઈ છે. અલગ અલગ ડાયનોસોરના મોડેલ્સ, ટચ સ્ક્રીન, સેલ્ફ નેવીગેટર, ડોક્યુમેન્ટરી ફિલ્મ દ્વારા ધરતીની ઉત્પત્તિથી એનો ઈતિહાસ, વિશાળકાય ડાયનોસોરનું જીવનચક્ર અને ડાયનોસોર કેવી રીતે નાશ પામ્યા એની વિવિધ માહીતી પણ રજૂ કરાવામાં આવી છે. વર્ષ ૧૯૮૩ અને ત્યારબાદ ૨૦૦૩માં જે ઈંડા અને ડાયનોસોરના વિવિધ ભાગોના હાડકા મળ્યા હતા એને પ્રદર્શિત કરવામાં આવ્યા છે. જેમાં; ડાયનાસૌરના રહેઠાણ, એની ટેવો, ખોરાક અને એના જીવનને લગતી અન્ય માહિતી વિભિન્ન સ્વરૂપે મૂકવામાં આવી છે.



બનાસકાંઠાના પૂર્વપંથકમાં આવેલા પાલનપુર, વડગામ, અમીરગઢ, દાંતા, અંબાજી સહિતના વિસ્તારમાં વસવાટ કરતા પ્રજાજનો બુધવારે રાત્રે ૧૧.૩૦ કલાકે સુવાની તૈયારીઓ કરતાં હતાં તે સમયે જ અચાનક આકાશમાં ગેબી અવાજ સાથે ધરતી ધ્રુજવા લાગી હતી. ધરતીકંપનો આંચકો આવ્યો હોવાની જાણ થતાં જ લોકો હાંફળા ફાફળા બની મકાનોની બહાર દોડી ગયા હતા. અને ભારે નાસભાગ મચી જવા પામી હતી. આ અંગે સુત્રોએ જણાવ્યું હતું કે, બુધવારે રાત્રે ૧૧.૩૪ કલાકે આવેલા રિચર સ્કેલ ઉપર ૪.૦ની તીવ્રતાથી નોંધાયેલા આ આંચકાનું કેન્દ્ર બિંદુ અમીરગઢ નજીક નોંધાયું હતું. જોકે, ભૂકંપના આંચકાથી કોઈ જાનહાની કે નુકશાન થયા હોવાના અહેવાલો નથી.

# તત્વ એન્જીનીયરીંગ કોલેજમાં ઓનલાઈન પ્રવેશ પ્રક્રિયાનું હેલ્પ સેન્ટર ધમધમ્યુ



મોડાસા, તા. ૭

તત્વ એન્જીનીયરીંગ કોલેજ મોડાસા ખાતે એન્જીનીયરીંગની ઓનલાઈન પ્રવેશ પ્રક્રિયા માટે ચાલુ વર્ષે પણ બી.ઈ. અને ડીપ્લોમાં એન્જીનીયરીંગના અભ્યાસક્રમો માટે મફત હેલ્પ સેન્ટર કાર્યરત છે. જેમાં બી.ઈ.ની ઓનલાઈન પ્રવેશ પ્રક્રિયાના રજીસ્ટ્રેશન તા. ૨૦-૫-૧૯થી અને ડીપ્લોમાની ઓનલાઈન પ્રવેશ પ્રક્રિયાના રજીસ્ટ્રેશન તા. ૫-૬-૧૯ થી શરૂ થઈ ગયેલ છે. જેમાં અત્યાર સુધીમાં ૧૫૦ ઓનલાઈન રજીસ્ટ્રેશન થઈ ચૂક્યા છે. સંસ્થાના કેમ્પસ ડાયરેક્ટર જયદત્તસિંહ પુવારે જણાવેલ કે છેલ્લા સાતેક વર્ષથી સંસ્થામાં હેલ્પ સેન્ટરની મફત સેવા ઉપલબ્ધ કરાવેલ છે. આ વખતે પણ વિદ્યાર્થીઓ તેમજ વાલીઓનો સંસ્થા ખાતે સારો ઘસારો જોવા મળી રહ્યો છે તેનુ કારણ આપતા જણાવેલ કે સ્ટાફને ઓનલાઈન પ્રવેશ પ્રક્રિયાનો સારો અનુભવ છે અને સાથે સાથે અહીંયા એન્જીનીયરીંગમાં કારકિર્દી માટે સરળ અને સચોટ માહિતી પણ આપવામાં આવે છે તેમજ ભારપૂર્વક જણાવેલ કે વિદ્યાર્થીઓ/વાલીઓ ઓનલાઈન પ્રવેશ પ્રક્રિયા માટે બિનઅનુભવી વ્યક્તિઓ પાસે ના જતાં તત્વ એન્જીનીયરીંગ કોલેજ ખાતે આવેલ સરકાર માન્ય હેલ્પ સેન્ટરનો ઉપયોગ કરવાની અપીલ કરતા જણાવેલ કે ભૂતકાળમાં વિદ્યાર્થીઓ/વાલીઓ બિનઅનુભવી વ્યક્તિઓ પાસે ઓનલાઈન પ્રવેશ કાર્યવાહી કરાવતા ભૂલ ભરેલી વિગતો ભરવાથી મુશ્કેલીમાં મુકાયા હતા માટે તત્વ એન્જીનીયરીંગ કોલેજ ખાતે આવેલ સરકાર માન્ય હેલ્પ સેન્ટરનો ઉપયોગ કરવા જણાવેલ છે.

# અંબાજીની પાસે ગમખ્વાર અકસ્માત : ૧૦ના મોત

## ૨૫થી વધુ ઘાયલ, અનેકની હાલત ગંભીર : પીકઅપ ગાડીની બ્રેક અચાનક ફેલ થઈ જતા ત્રિશુળીયા ઘાટ પાસે અકસ્માત

પાલનપુર, તા. ૭

અંબાજી નજીક આજે મોડી સાંજે ગમખ્વાર અકસ્માત થતા દસથી વધુ લોકોના મોત થઈ ગયા હતા અને મોટી સંખ્યામાં લોકો ઘાયલ થયા હતા. ઘાયલ થયેલા લોકોની સંખ્યા ૨૫થી પણ વધુ જણાવવામાં આવી છે. જે પૈકી અનેકની હાલત ગંભીર હોવાનું જાણવા મળ્યું છે.

મોડી રાત સુધી મોતના આંકડાને લઈનો ભારે વિરોધાભાસની સ્થિતિ રહી હતી. કેટલાક અહેવાલમાં મોતનો આંકડો ૧૦ કરતા પણ વધુ દર્શાવવામાં આવ્યો હતો. જાણવા મળેલી માહિતી મુજબ પીકઅપ ગાડીને એકાએક બ્રેક ફેલ થઈ જતા આ દુર્ઘટના સર્જાઈ હતી. મૃત્યુ પામેલા લોકોની ઓળખ કરવાના પ્રયાસો હાથ ધરવામાં આવ્યા હતા. અકસ્માત એટલો પ્રચંડ હતો કે, સાત લોકોના ઘટના સ્થળ પર જ મોત થઈ ગયા હતા. બનાવની જાણ થતા તમામ સંબંધિત અધિકારીઓ ઘટના સ્થળે પહોંચ્યા હતા. બનાવની વિગત એવી છે કે, અંબાજીના ત્રિશુળીયા ઘાટ નજીક ગમખ્વાર અકસ્માત ૭થી વધુ લોકોના મોત થયા છે.

પીકઅપ ડાલાની અચાનક બ્રેક ફેલ થઈ જતા અકસ્માત સર્જાયો હોવાની આશંકા છે. અંબાજીથી દાંતા જતા ત્રિસુળીયા ઘાટ પાસે ડાલુ પલટતા ગંભીર અકસ્માત સર્જાયો હતો. પીકઅપ ડાલામાં સવાર તમામ મુસાફરો વડગામ તાલુકાના ભલગામ ગામના હોવાની પ્રાથમિક માહિતી મળી રહી છે. અકસ્માત સર્જાતા ૧૦૮ અને આરોગ્ય વિભાગની ટીમ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી. અકસ્માત એટલો ગંભીર હતો કે, અકસ્માતમાં ઘટના સ્થળે જ ૭ લોકોના મોત થયા હતા. જ્યારે ૧૦ કરતા વધુ લોકો ગંભીર રીતે ઘાયલ થયા હતા. ઈજાગ્રસ્તોને દાંતા રેફરલ હોસ્પિટલ ખાતો ખસેડવામાં આવ્યા છે. તબીબો દ્વારા આપવામાં આવેલી માહિતી અનુસાર મૃત્યુઆંક વધી શકે છે.

શક્તિપીઠ અંબાજી માતાજીના દર્શન કરવા ગયેલા શ્રદ્ધાળુઓને અકસ્માત નડ્યો હતો. અંબાજી નજીક ગમખ્વાર



અકસ્માતમાં મૃત્યુ પામેલા તમામ લોકો શ્રદ્ધાળુઓ હતા અને દર્શન કરવા માટે જ પહોંચ્યા હતા. અકસ્માતને લઈને આઘાતનું મોજુ ફરી વળ્યું હતું.

# પાલનપુર નગરપાલિકા દ્વારા ભૂતીયા કનેક્સનોનું સર્વે કરાયુ પણ કાર્યવાહી નથી કરાઈ

## કેટલાક રહીશોએ અડધાના કનેક્સનની જગ્યાએ એકના કનેક્સનો લગાવ્યા

પાલનપુર નગરપાલિકા દ્વારા તાજેતરમાં જનતા નગર વિસ્તારમાં ઓચિંતુ ચેકીંગ હાથ ધરાવામાં આવ્યુ હતુ.જેમાં કેટલાક ભૂતીયા કનેક્સનો મળી આવ્યા હતા.તેમજ કેટલીક જગ્યા ઉપર અડધાની જગ્યા ઉપર એકના કનેક્સનોનું જાડાણ કરવામાં આવ્યુ હતુ.પરંતુ તેમની સામે હજુ સુધી કોઈ કાર્યાવાહી કરવામાં આવી નથી.

ઉનાળાને ધ્યાને લઈ પાલનપુર નયરપાલિકા પાણી પુરવઠા સાખા દ્વારા તાજેતરમાં શહેરના જનતા નગર વિસ્તારમાં ઓચિંતુ ચેકીંગ હાથ ધરવામાં આવ્યુ હતુ.જેમાં દસ ઉપરાંતના ભૂતીયા કનેક્સનો મળી આવ્યા હતા.અને કેટલાક રહીશો દ્વારા અડધાની જગ્યાએ એકના કનેક્સનોનું જાડાણ કરવામાં આવ્યુ હતુ.જેમાં નગરપાલિકા દ્વારા રહીશોને પાંચ વર્ષનો વેરો ભરી કનેક્સને રેગ્યુલાઈજ કરવા જણાવાયુ હતુ.પરંતુ ત્યારબાદ પાલિકા દ્વારા હજુ સુધી એકના કનેક્સનો કાપવાની કાર્યવાહી કરવામાં આવી નથી.કે નથી દંડ વસુવામાં આવ્યો તો હવે પાલિકા દ્વારા કાર્યવાહી કરવામાં માટે સારૂ મુર્હત જાવની રાહ જુવે છે કે શું તે એક પ્રશ્ન છે.આ અંગે પાણી પુરવઠા વિભાગના સુત્રોએ જણાવ્યુ હતુ.કે મજુર ન હોવાના કારણે કામગીરી થઈ શકી નથી જે બે દિવસમાં કાર્યાવહી હાથ ધરવામાં આવશે.

# વડગામ તાલુકાના નગાણામાં ગ્રામસભા યોજાઇ

## સરકારી કર્મચારીઓ પદાધિકારીની સમક્ષ ગ્રામજનોએ ગામના વિકાસના કામો કરવા રજૂઆતો કરાઇ

વડગામ તાલુકાના નગાણા ગામમાં ૭/૦૬/૧૯ના રોજ ૭



ગામોમાં ગ્રામસભાના ભાગરૂપે નગાણા ગામમાં બનાસકાંઠા જીલ્લા પંચાયત સદસ્યશ્રી અશ્વિન સકસેના અને મામલતદાર શ્રી આર. સી. ઠાકોરની ઉપસ્થિતમાં ગ્રામસભા યોજાઈ હતી. જેમાં ગામના આગેવાનોમાં હયાતખાન બિહારી, પ્રહલાદ જી ઠાકોર, રણછોડજી પરમાર, વાઘાજી રાજપુત, વિરજીભાઈ ચૌધરી, ગુલાબ જી રાજપુત, તલાટીશ્રી ફલજીભાઈ ચૌધરી, આંગણવાડી કાર્યકર, આશાવર્કર તથા ગામલોકો મોટી સંખ્યામાં હાજર રહીને રજુઆતો કરાઈ હતી જેમાં અશ્વિન સકસેનાએ જણાવ્યું કે સરકાર આપના આંગણે આવી છે ત્યારે આપણે સરકારની વિવિધ યોજનાઓ ગરીબ વર્ગના સાચા લાભાર્થીને લાભ આપવા વિનંતી કરેલ અને પ્રધાનમંત્રી આવાસ યોજનામાં ગામના બાકી લાભાર્થીઓને લાભ આપવા જણાવ્યુ તથા સરકારની ખેડુતલક્ષી યોજનાઓ, આંગણવાડી બાળકોની યોજનાઓ, જન્મથી મરણ સુધી ગુજરાત સરકાર આપણને સહાય કરે છે તેમજ ગામ લોકોનો પણ પુનઃ નરેન્દ્રભાઈ મોદીને વડાપ્રધાન બનાવવા માટે પાટણ લોકસભા સીટ ભવ્ય જીત બદલ આભાર વ્યકત કર્યો હતો અને ગ્રામ સભાની તમામ રજુઆતો સરકાર સુધી પહોંચાડીને ગામના કામો થાય તેવા પ્રયાસો કરાશે.

(૧) નગાણાથી પાલડી, ઉમરેચા, નાંદોત્રા પાકો રસ્તો (૨) હીરવાણીથી મેગાળ ધરોઈ કેનાલ બનાવવાનુ કામ (૩) કોલોની પરા વિસ્તારમાં સી.સી.રોડ બનાવવા અંગે (૪) નગાણા હાઈવે રોડથી ડેરી સુધી રોડની બંને બાજુ પેવર બ્લોકનુ કામ (૫) સફાઈ કામગીરી નિયમિત કરવા બાબત.

# ડીસા મુકામે મહિલા ચિંતન શિબિર યોજાઈ



પાલનપુર, તા. ૭

બનાસકાંઠા જીલ્લાના ડીસા મુકામે સાંસદ પરબતભાઈ પટેલના અધ્યક્ષસ્થાને આઈ.સી.ડી.એસ. શાખા જી. પંચાયત અને લાયન્સ કલબ ઓફ ડીસાના સંયુક્ત ઉપક્રમે મહિલા ચિંતન શિબિર યોજાઈ હતી. પ્રાસંગીક પ્રવચન કરતાં સાંસદ પરબતભાઈ પટેલે કહ્યું કે, નારી શક્તિનો મહિમા અને મહત્વ આદિ-અનાદિકાળથી છે. જે પરિવાર કે સમાજમાં મહિલાઓને માન-સન્માન અને મહત્વ અપાય છે ત્યાં સુખ-સમૃધ્ધિ અને શાંતિ જોવા મળે છે. સાંસદે જણાવ્યું કે આપણા લોકપ્રિય વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી જયારે ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે તેમણે મહિલા કલ્યાણ માટે કરેલ કામગીરી અને યોજનાઓ સમગ્ર દેશ અને દુનિયા માટે પ્રેરણાદાયી બની છે. ગુજરાતમાં મહિલા કલ્યાણ માટે ઉદાર યોજનાઓ અને કામગીરી સફળતાપૂર્વક ચાલી રહી છે.

સાંસદ પરબતભાઈ પટેલે કહ્યું કે બહેન-દિકરીઓને શિક્ષીત બનાવીને તેમજ તેઓને માન-સન્માન અને મહત્વ આપી આદર્શ અને સમૃધ્ધ સમાજનું નિર્માણ કરીએ. ગુજરાતમાં સ્ત્રીભૃણ હત્યા અટકાવવા કડક જોગવાઈઓ અને સક્રિય કામગીરી કરવામાં આવે છે. તેમજ દિકરીઓને અભ્યાસ-ઉજ્જવળ કારકિર્દી બનાવવા તથા વિવિધ ક્ષેત્રોમાં આગળ વધવા સરકાર દ્વારા પરિણામદાયી કામગીરી કરવામાં આવી છે. મહિલાઓ માટે અમલી સરકારની વિવિધ યોજનાઓ અંગે સાંસદે વિગતો આપી હતી. ઉપસ્થિત મહિલાઓને સાંસદે કહ્યું કે દિકરા-દિકરીના જરાપણ ભેદભાવ સિવાય બાળકોનો સમાનતાથી ઉછેર કરીએ. તેમણે સરકારની યોજનાઓનો લાભ લેવા મહિલાઓને અનુરોધ કર્યો હતો.

રાષ્ટ્રીય મહિલા આયોગ નવી દિલ્હીનાં સભ્ય શ્રીમતી ડો. રાજુલબેન દેસાઈએ જણાવ્યું હતું કે, આપણા લોકપ્રિય વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના શાસનમાં સમગ્ર દેશની મહિલાઓના કલ્યાણ અને વિકાસ માટે વિરાટ પાયે કામગીરી થાય છે. તેમણે કહ્યું કે સરકાર દ્વારા મહિલા કલ્યાણ માટે સંખ્યાબંધ યોજનાઓ અમલમાં છે તેનો લાભ લઈએ તેમજ વધુ જાગૃત બનીએ. ગુજરાતમાં મહિલા કલ્યાણ ક્ષેત્રે સરાહનીય કામગીરી થઈ છે એમ જણાવતાં તેમણે કહ્યું કે ૧૮૧ અભયમ હેલ્પ લાઈન, આરોગ્ય સુવિધા માટે ૧૦૮ ઈમરજન્સી યોજના, ખીલખીલાટ યોજના, મહિલાઓને બ્રેસ્ટ અને સર્વાઈકલ કેન્સરની વિનામૂલ્યે સારવાર સહીત સંખ્યાબંધ યોજનાઓ અમલમાં છે.

## કંપની સમાચાર

### માસ ફાઈનાન્સિયલ સર્વિસીઝ લિમિટેડ ૫૦૦૦ કરોડથી પણ વધુ અસ્કયામતોના પ્રબંધક

અમદાવાદ સ્થિત માસ ફાઈનાન્સિયલ સર્વિસીઝ લિમિટેડ રૂ. ૫૨૯૨.૮૪ કરોડના (એ.યુ.એમ.) અસ્કયામતોની જાણ કરે છે. માર્ચ-૨૦૧૯ના અંતે પુરા થયેલ નાણાંકીય વર્ષ માટે કંપનીની આવક ૨૮.૬૭ ટકાથી વધુ રૂ. ૫૫૦.૫૨ કરોડ રહી હતી જે અગાઉના વર્ષે આ સમયગાળામાં રૂ. ૪૨૭.૮૭ કરોડ નોંધાયેલ હતી અને ચોખ્ખો નફો ૩૮.૫૫ ટકાથી વધી રૂ. ૧૪૩.૨૨ કરોડ (રૂ. ૧૦૩.૩૭ કરોડ) નોંધાયેલ છે. નેટ એન.પી.એ. ઘટી ૦.૮૬ ટકા (૦.૯૧ ટકા) થઈ છે. કંપની એ પ્રતિ શેર રૂ. ૩.૬૦ ડિવિડન્ડ જાહેર કર્યુ છે.

માસ ફાઈનાન્સિયલ સર્વિસીઝ લિમિટેડની સહાયક કંપની માસ રૂરલ હાઉસીંગ અને મોર્ગેજ ફાઈનાન્સ લિમિટેડે રૂ. ૨૭૧.૨૦ કરોડની અસ્કયામતો નોંધાવેલ છે. આ કંપનીનું માર્ચ-૨૦૧૯ના અંતે પુરા થયેલા નાણાંકીય વર્ષ માટે લોન વિતરણ ૬૩.૮૨ ટકાથી વધી રૂ. ૧૨૮.૫૮ કરોડ (૭૮.૪૯ કરોડ) રહ્યુ હતુ અને ચોખ્ખો નફો ૪૬.૫૦ ટકાથી વધી રૂ. ૩.૬૬ કરોડ (૨.૫૦ કરોડ) થયો છે. નેટ એનપીએ ઘટી ૦.૨૯ ટકા (૦.૨૭ ટકા) થઈ છે.

કંપનીના એમ.ડી. કમલેશ ગાંધીના જણાવ્યા અનુસાર ભારતમાં ફાઈનાન્સિયલ સેક્ટરમાં પ્રતિકૂળ પરિસ્થિતિ હોવા છતાં કંપનીએ મજબુત નાણાંકીય કામગીરી દ્વારા ડબલ ડિજિટ ગ્રોથ મેળવેલ છે અને ભવિષ્યમાં પણ આજ પ્રમાણેની ઉત્કર્ષ કામગીરી માટે કટીબધ રહેશે.

## આતંકવાદી ઠાર

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

રીતે આ હુમલો કરીને હત્યા કરી હતી. હાલમાં આ જવાન કાશ્મીર ખીણમાં તૈનાત હતા. જમ્મુ કાશ્મીરમાં ત્રાસવાદીઓનો ખાતમો કરવા માટે સેના દ્વારા છેલ્લા કેટલાક સમયથી ઓપરેશન ઓલઆઉટ હાથ ધર્યુ છે. જેના ભાગરૂપે મોટી સફળતા પણ મળી છે. વર્ષ ૨૦૧૯માં સેના અને સુરક્ષા દળોના જોરદાર ઓપરેશનમાં હજુ સુધી ૧૦૩થી વધારે ત્રાસવાદીઓ ઠાર થઈ ચુક્યા છે.

આગામી દિવસોમાં ત્રાસવાદી લીડરશીપ પર વધારે જોરદાર રીતે પ્રહાર કરવામાં આવે તેવી શક્યતા છે. ત્રાસવાદીઓના અનેક ટોપ લીડરો ઠાર કરી દેવામાં આવ્યા છે. જેમાં જાકીર મુસાનો પણ સમાવેશ થાય છે. જેને હાલમાં જ ઠાર કરી દેવામાં આવ્યો હતો. હજુ પણ અનેક ટોપના ત્રાસવાદી લીડરો ખીણ અને આસપાસના વિસ્તારોમાં છુપાયેલા હોવાના હેવાલ સતત આવતા રહ્યા છે.

## ગ્લવ્સ મામલે

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

આઈસીસીને જવાબ આપી દેવામાં આવ્યો છે. વિનોદ રાયનું કહેવુ છે કે, અમે અમારા ખેલાડીઓની સાથે છે. ધોનીના ગ્લવ્સ ઉપર જે નિશાન છે તે કોઈ ધર્મના પ્રતિક તરીકે નથી. સાથે સાથે કોઈ કોમર્શિયલ પણ નથી. જ્યા સુધી પહેલાથી પરવાનગી લેવાની વાત છે તો આના માટે અમે આઈસીસીને અપીલ કરી રહ્યા છે. ધોની આ પ્રકારના ભારતીય સેનાના બલિદાનવાળા બેઝને પહેરીને મેદાનમાં ઉતરે તેની સામે અમારી રજુઆત છે. બીસીસીઆઈની મુંબઈ સ્થિતિ કચેરીમાં બેઠક યોજાઈ હતી. જેમાં તમામ પાસા ઉપર ચર્ચા થઈ હતી. આ બેઠકમાં તમામ લોકો ઉપસ્થિત રહ્યા હતા. આને લઈને દેશના તમામ દિગ્ગજ ક્રિકેટરો અને અન્ય ખેલ સાથે જોડાયેલા લોકોએ પણ ધોનીનું સમર્થન કર્યુ છે.

રેસલર યોગેશ્વર દત્તે કહ્યું છે કે, અમને ધોની પર ગર્વ છે. ધોની સેનાના બલિદાનવાળા બેઝના લોગોના ગ્લવ્સ સાથે વિકેટકિંપિગ કરે તેમ અમારી ઈચ્છા છે. સુશીલ કુમારે પણ સમર્થન કર્યુ છે. હોકીના પૂર્વ કેપ્ટન સરદારસિંહે પણ ધોનીનું સમર્થન કર્યુ છે. આર્મીએ ધોનીને સમ્માન આપ્યું છે. ધોની અને મિલખા સિંહ દુનિયાનું નામ છે તો સેનાના કારણે છે. ધોનીએ કોઈ ખોટુ કામ કર્યુ નથી. આ વિવાદ વધુ છેડાય તે યોગ્ય નથી. જોકે, અન્ય કેટલાક લોકોએ જુદી પ્રતિક્રિયા આપી છે.

આઈસીસીએ ધોનીને ગ્લવ્સને લઈને વાંધો ઉઠાવ્યો છે. અને ભારતીય સેનાના બલિદાનના બેઝના લોગોને દુર કરવા સુચના આપી છે. આઈસીસીએ ભારતીય ક્રિકેટ કન્ટ્રોલ બોર્ડને સૂચના આપી છે કે, તે ધોનીના ગ્લવ્સને લઈને ધ્યાન આપે અને ગ્લવ્સ પર રહેલા લોગોને દુર કરવાનું કામ કરે. તમામ લોકો જાણે છે કે, વર્ષ ૨૦૧૧માં પેરાશુટ રજિમેન્ટમાં લેફ્ટી કર્નલનું સમ્માન આપ્યું હતું. ધોનીએ પોતાની પેરારજિમેન્ટ સાથે ટ્રેનીંગ પણ લીધી હતી. સેના પ્રત્યે ધોનીના પ્રેમ બાબત કોઈનાથી છુપાયેલી નથી.

ધોની અનેક વખત કહી ચુક્યો છે. તે સેનામાં સામિલ થવા ઈચ્છુક હતો. સોશિયલ મિડીયા પર ધોનીની આ પહેલને લઈને પ્રશંસા થઈ રહી છે. પરંતુ આઈસીસીની વિચારધારા અને નિયમો અલગ પ્રકારના છે.

## પ્રથમ સત્રમાં

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

૫ જુલાઈના રોજ મોદી સરકાર પોતાનું પ્રથમ બજેટ રજુ કરશે. સંસદનું આ નવું સત્ર ૪૦ દિવસ સુધી ચાલશે. આમાં ૩૦ બેઠકો થશે. સંસદ સત્રના પ્રથમ બે દિવસ નવ નિર્વાચિત સાંસદોને શપથ લેવડાવવામાં આવશે.

૧૯ જૂનના રોજ લોકસભાના અધ્યક્ષની પસંદગી થશે. ૨૦ જૂનના રોજ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ સંસદના સંયુક્ત અધિવેશનને સંબોધિત કરશે. ત્યાર બાદ ધન્યવાદ પ્રસ્તાવ પર ચર્ચા છે. ૪ જુલાઈના રોજ સંસદમાં આર્થિક સર્વેક્ષણ કરવામાં રજૂ કરવામાં આવશે. જેના એક દિવસ બાદ ૫ જુલાઈના રોજ નાણાં પ્રધાન નિર્મલા સીતારમણ નવી સરકારનું પ્રથમ બજેટ રજૂ કરશે.

## મેળાઓ યોજાશે

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

ઓપ આપી દેવામાં આવશે. આ કૃષિ મહોત્સવમાં ચારેય તાલુકામાં એક-એક હજાર કૃષિ ઉત્પાદકો જોડાશે.

આ સૂત્રોએ જણાવ્યુ છે કે મહોત્સવની સાથે પશુ આરોગ્ય મેળાનું આયોજન કરવામાં આવ્યુ છે જ્યાં પશુપાલનની નવી પદ્ધતિઓ તેમજ નિષ્ણાત તબીબો દ્વારા પશુઓના રોગ માટે સારવાર આપવામાં આવશે. આ મહોત્સવને લઈ તંત્ર દ્વારા તડામાર તૈયારીઓ ચાલી રહી છે.

# પાક વીમા પ્રશ્ને કિસાન સંઘ ખેડૂતોના ઉપવાસ જારી રહ્યા

અમદાવાદ,તા.૭

પાકવીમો, ભાવાંતર યોજના લાગુ કરવા અને સરકાર દ્વારા ડેમ-તળાવો રિપેર અને ઊંડા ન કરાતા ખેડૂતો, કિસાન સંઘના આગેવાનો દ્વારા આજે સતત બીજા દિવસે રાજકોટ માર્કેટીંગ યાર્ડ ખાતે ઉગ્ર દેખાવો, આમરણાંત ઉપવાસ સહિતના કાર્યક્રમો ચાલુ રહ્યા હતા. ખેડૂતોના સમર્થનમાં આજે કિસાન કોંગ્રેસ પક્ષ પણ આગળ આવ્યો હતો અને ખેડૂતો સાથે જોડાઈ ભાજપ સરકાર પર આકાર પ્રહારો કર્યા હતા. રોષે ભરાયેલા ખેડૂતો દ્વારા આજે બીરબીલની ખીચડી, સૂત્રોચ્ચાર અને દેખાવો જેવા ઉગ્ર કાર્યક્રમો યોજી સરકાર પરત્વે પોતાનો આક્રોશ ઠાલવ્યો હતો. એટલું જ નહી, જ્યાં સુધી પાક વીમો નહીં મળે ત્યા સુધી ખેડૂતો ઉપવાસ ચાલુ રાખશે તેવી ચીમકી ઉચ્ચારી હતી, જેને લઈ સરકારી તંત્ર પણ દોડતુ થઈ ગયું હતું. સરકારના સચિવ સંજય પ્રસાદે એવા દાવો કર્યો હતો કે, ખેડૂતોને પાક વીમો ચૂકવાઈ ગયો છે પરંતુ ખેડૂતોએ તે મામલે તપાસની માંગ કરી હતી. રાજકોટ સહિત સૌરાષ્ટ્રના ખેડૂતો, કિસાન સંઘ, રાજકોટ વેપારી એસોસીએશન દ્વારા ગઈકાલે રાજકોટના બહુમાળી ચોકથી રેલી કાઢી ઉપરોકત માંગણીઓ મુદ્દે સ્થાનિક જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર પાઠવ્યું હતું. જેમાં સૌરાષ્ટ્રના કમિશન એજન્ટ એસોસિએશને પણ ટેકો જાહેર કર્યો હતો.

# સોશ્યલ સેક્ટરના આશરે ૨૫ સ્ટાર્ટઅપ્સને ગ્રાન્ટ ઓફર કરી

અમદાવાદ,તા. ૭

વર્ષ ૨૦૧૩માં આઈઆઈટી ખડગપુરના એક બાયોકેમિકલ એન્જીનિયર સુમિત મોહંતી ઝારખંડના એક નાનકડા ગામની મુલાકાતે ગયા. અહિંયા તેમને એવું જાણીને દુખ થયું કે, ગામનાં નજીકના તળાવમાંથી પાણીનો ઉપયોગ કરવાના કારણે ૩ બાળકોનાં મોત થયાં હતા. આ તળાવના દૂષિત પાણીને શુધ્ધ કરવાની કોઈ સગવડ ન હતી. આ ઘટનાથી તેમને પાણીના શુધ્ધિકરણનો સાર્વત્રિક રીતે અમલમાં મૂકી શકાય તેવો ઉપાય શોધવાની પ્રેરણા થઈ અને તેમને દૂષિત પાણીના શુધ્ધિકરણના ક્લિન ટેકનોલોજી પ્રોજેક્ટસમાં રસ પડયો. આ ક્ષેત્રે થોડાં વર્ષ કામ કર્યા પછી તેમણે ફાયકોલીંક ટેકનોલોજીસ નામના એક સ્ટાર્ટ-અપની સ્થાપના કરી, જેમાં શેવાળનો ઉપયોગ સ્થાનિક ઉદ્યોગોના અને દૂષિત પાણીને શુધ્ધ કરવા માટે કરવામાં આવ્યો અને તેના વડે તળાવો તથા અન્ય જળસ્થાનોના પાણી શુધ્ધ કરવામાં આવ્યા. આ ઉપાય ઓર્ગેનિક પ્રકારનો છે અને તેનો આસાનીથી ઉપયોગ થઈ શકે છે.